# ભાવિનું નિર્માણ

## વિકાસનો પહેલો તબક્કો

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાનું સમગ્ર સંકુલ કુલ ૨૦,૦૦૦ ચો. મીટર વિસ્તારમાં ફેલાયેલું હશે, તે ૧૨ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા વિશાળ માનવનિર્મિત સરોવરથી ઘેરાયેલું રહેશે.

પ્રતિમામાં અને તેની આસપાસ નીચેની સુવિધાઓ હશે :

વિશ્વસ્તરનું શ્રેષ્ઠ પ્રદર્શન, જે ભારતની સ્વતંત્રતા ચળવળ, ભારતનું એકીકરણ અને સરદારના યોગદાનને સાકાર કરશે

- સ્મરણાંજલિ ઉદ્યાન
- સાધુ બેટ અને મુખ્ય ભૂમિને જોડતો સેતુ
- સ્મારક સ્થળ અને મુલાકાતીઓનું કેન્દ્ર
- પ્રતિમા અને કેવડિયાને સાંકળતો વિકસિત માર્ગ
- પાર્કિંગ અને ટ્રાન્સપોર્ટ સાઇટ
- હોટેલ અને કન્વેન્શન સેન્ટર

## અલૌકિક ઊંચાઈ

ન્યૂ યોર્કમાંના ધ સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં બમણી ઊંચાઈ

રિયો ડે જાનેરોમાંના ધ સ્ટેચ્યુ ઓફ ક્રાઇસ્ટ ધ રીડીમર કરતાં પાંચ ગણી ઊંચાઈ

સરદાર સરોવર બંધ કરતાં દોઢ ગણી ઊંચાઈ










- આ પ્રતિમા પ્રતિ દીન લગભગ ૧૫૦૦૦ મુલાકાતીઓને આવકારશે
- મુલાકાતીઓની સંખ્યા વધારવા નિશ્ચિત માર્ગ પર ઓડિયો-વિઝ્યુઅલ પ્રદર્શનો
- પ્રતિમાના ઉપરના સ્તરે મુલાકાતીઓની અટારીમાં એક સાથે ૨૦૦ લોકો ઊભા રહી શકશે
- તિ દિન ૩,૦૦૦ લોકો આ અટારી સુધી સીડીઓ દ્વારા પહોંચી શકશે
- પ્રતિમાના આધાર સ્થળે મુલાકાતીઓ માટે નોંધપાત્ર રીતે વિશાળ આકર્ષણો રહેશે

આ પરિમાણો સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, ધ વોશિંગ્ટન મોન્યુમેન્ટ, ધ એફિલ ટાવર અને ૨૦૧૦ શાંઘાઈ એક્સ્પોનાં પેવિલિયન્સ સાથએ સરખાવી શકાય તેવાં છે.

## વિકાસનો બીજો તબક્કો

બીજા તબક્કામાં યોજનાના સ્થળે એન્જિનીયરિંગ અને ડિઝાઇન સંબંધિત નીચેની પ્રવૃત્તિઓ ધમધમવા લાગશે :

- નર્મદા કાંઠાનો ભરુચ સુધી વિકાસ
- રસ્તા અને રેલ તથા પ્રવાસન સંબધિત સુવિધાઓનો વિકાસ
- આદિવાસી વિકાસ માટે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ
- શિક્ષણ સંશોધન કેન્દ્ર અને નોલેજ સિટી
- ગરુડેશ્વરથી ભાડભૂત સુધી ટુરિઝમ કોરિડોર
- ક્લિન ટેકનોલોજી રીસર્ચ પાર્ક અને કૃષિ તાલીમ કેન્દ્રો

STATUE OF UNITY

એક ભારત, શ્રેષ્ઠ ભારત

**સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ**
બ્લોક નં.૧૨, પહેલો માળ, નવા સચિવાલય કોમ્પલેક્સ,
ગાંધીનગર - ૩૮૨૦૧૦, ફોન. ૦૭૯ ૨૩૨ ૫૨૩૩૮, ૫૨૩૫૬
www.statueofunity.in



સરદાર વલ્લભભાઈ પટેલ

# AN ICON OF UNITY

STATUE OF UNITY

એક ભારત, શ્રેષ્ઠ ભારત



# સરદાર વલ્લભભાઈ પટેલ

## એક મહામાનવને ઉચ્ચતમ ભાવાંજલિ

એક પ્રખર રાષ્ટ્રભક્ત, જેઓ બ્રિટિશ રાજના અંત પછી ભારતનાં ૫૬૨ રજવાડાંઓને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં સાંકળવા માટે પ્રતિબદ્ધ હતા.

એક કુશળ વહીવટકાર, જેમણે નવા આઝાદ થયેલા રાષ્ટ્રને સ્થિર અને સુદૃઢ બનાવ્યું. એક અનોખા મહામાનવ, જેમણે પથપ્રદર્શક બનીને દેશને એક્તાની રાહ પર દિશા બતાવી અને સમગ્ર રાષ્ટ્ર માટે શાશ્વત પ્રતીક બની ગયા.

અમે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સર્જન કરી રહ્યા છીએ કેમ કે અમે માનીએ છીએ કે સરદાર જેવા મહામાનવની, જેમણે ભારત સંઘની માનવતાને મૂર્તિમંત કરી, તેમની યાદ આવનારી પેઢીઓ માટે પણ એટલી જ પ્રેરક હોવી જોઈએ. આ પ્રતિમા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, સ્વપ્ન અને સિદ્ધિઓનું એક શાશ્વત સાકાર સ્વરૂપ હશે, જે સરદારના સ્મરણ અને પ્રેરણાને એક અનોખા સ્વરૂપમાં જીવંત કરશે.



## સ્ટેચ્યુ ઓફ યુનિટી

અખંડ ભારતનું પ્રતીક

ભારતના લોહપુરુષને અનોખી શ્રદ્ધાંજલિ અર્પતી, આ ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા સાધુ-બેટ પર આકાર લેશે. ગુજરાતના નર્મદા જિલ્લામાં કેવડિયા ખાતેના સરદાર સરોવર બંધની દક્ષિણે, અંદાજે ૩.૫ કિલોમીટરના અંતરે આ સ્થળ આવેલું છે. આ પ્રેરક સ્મારક સ્થળ વિંધ્યાચલ અને સાતપુડા પર્વતમાળાની વચ્ચે છે, જ્યાં અનેક પ્રકારની શૈક્ષણિક અને મનોરંજક પ્રવૃતિઓ પણ ધબકતી થશે. નર્મદા નદીના કુદરતી કાંઠા પર ગરુડેશ્વર, સરદાર સરોવર બંધ અને કેવડિયા ગામના સાંનિધ્યમાં આવેલું આ સ્થળ રમણીય પર્વતમાળાઓથી શોભે છે. આ સ્થળનું નૈસર્ગિક સૌંદર્ય આ વિરાટ પ્રતિમાની શોભામાં અભિવૃદ્ધિ કરશે. યોજનાનું અનોખું લોકેશન અહીં ઇકો-ટુરિઝમ, મનોરંજન અને સ્થાનિક વિકાસને પણ વેગ આપશે.

# આયોજન અને અપેક્ષિત વિકાસ



"આ વિરાટ પ્રતિમા અનોખી ઊંચાઈ સિદ્ધ કરશે, જેને માત્ર મીટર અને ફૂટમાં માપી શકાશે નહીં. આ તો આપણાં શૈક્ષણિક, ઐતિહાસિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક મૂલ્યોની ઊંચાઈ દર્શાવશે. આ સ્થળને આવનારી સદીઓ સુધી પ્રચંડ પ્રેરણા સ્રોત તરીકે વિકસાવવું એ મારું સ્વપ્ન છે."

નરેન્દ્ર મોદી,
મુખ્ય મંત્રી, ગુજરાત

આ સીમાચિહ્નરૂપ પ્રતિમાના નિર્માણ સાથે, યોજનાનો સમગ્ર વિસ્તાર અનેક પ્રકારની પ્રવૃત્તિઓ અને પહેલોથી ધબકતો થશે. અહીં પ્રવાસનની સવલતો વિકસશે, મનોરંજન અને તેની સાથે શિક્ષણની પ્રવૃત્તિઓ વિકસશે, લોકોને આજીવિકાનાં સાધનો મળશે, આદિવાસી વિકાસ સંભવ થશે, રોજગારીની તકો સર્જાશે અને સાથોસાથ અભ્યાસની પ્રવૃત્તિઓ પણ હાથ ધરાશે.

પ્રતિમાનું સ્થળ આદિવાસીઓની બહુમતી ધરાવતા નર્મદા જિલ્લામાં છે એ ધ્યાને લેતાં, અહીં આદિવાસી સંસ્કૃતિ તથા આસપાસના વિસ્તારના આર્થતંત્ર સંબંધિત મુદ્દાઓ પર ખાસ ધ્યાન અપાશે.

# સહયોગની ભાવના સહયોગી વિકાસ

"આ મહાનુભાવ ભારતની સીમાઓ અંતર્ગત સ્વયંને સીમિત ન રાખે એ આવશ્યક છે, સમગ્ર દુનિયા તેમના વિશે વધુ સાંભળવા અધિકારપાત્ર હતી." – વિન્સ્ટન ચર્ચિલ

અમે આ મહાન દૂરદર્શી વ્યક્તિ અને ભારત રાષ્ટ્ર પ્રત્યે તેમના અનન્ય યોગદાનને યોગ્ય ભાવાંજલિ અર્પણ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરીશું.

## લોહ સંબંધનું નિર્માણ :

લોહ પ્રતિમાના નિર્માણ માટે સમગ્ર રાષ્ટ્રના ખેડૂતોને આ મહાન કાર્યમાં સામેલ કરવા માટે એક અભિનવ લોહ અભિયાન ચલાવવામાં આવશે. ભારતના ૬૫૦૦૦૦ ગામોમાંથી દરેક ગામમાંથી લોખંડનું એક કૃષિ ઓજાર એકત્ર કરવામાં આવશે. આ ઓજારનો પ્રતિમાના નિર્માણમાં ઉપયોગ થશે, જેનાથી આ પ્રતિમા ભારતભરના ખેડૂતોની સહયોગી સંરચના સમાન બની રહેશે.

# ઉત્તમ ક્ષમતાથી ઉન્નત નિર્માણ

ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એક્તા ટ્રસ્ટ' (SVPRET)ને ધ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની જવાબદારી સોંપવામાં આવી છે. આ ટ્રસ્ટ શિક્ષણ, બુનિયાદી સુવિધાઓ, જનજાતિય કલ્યાણ, આરોગ્ય અને અન્ય સામાજિક-આર્થિક હિતોના ક્ષેત્રોમાં સામાન્ય જનતાના લાભ માટે તમામ સંશોધન અને વિકાસ તેમજ સામાજિક પ્રવૃતિઓનું કાર્ય કરશે.

ટ્રસ્ટે ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ડિઝાઈન, એન્જિનીયરિંગ, પરિયોજના સંચાલન તથા નિર્માણ સંચાલન સેવાઓ પ્રદાન કરવા માટે અગ્રીમ સભ્ય તરીકે ટર્નર પ્રોજેક્ટ મેનેજમેન્ટ ઇન્ડિયા તેમ જ મેઈનહાર્ટ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ તથા માઈકલ ગ્રેવ્સ એન્ડ એસોસિએટ્સ ઈન્કોર્પોરેશનના એક સંઘટનની રચના કરી છે. આ સંઘટનના અનેક સભ્યો દુનિયાની સૌથી ઊંચી પ્રતિમાઓમાંથી કેટલીકના નિર્માણકાર્યમાં સામેલ રહ્યા છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની સંચાલન ટીમ અને તેમના ઈજનેરોએ વિશ્વના ત્રીજા વિશાળ બંધનું નિર્માણ કર્યુ છે. આ સાથે તેઓએ એક એવી સિંચાઈ પ્રણાલિનું પણ નિર્માણ કર્યુ છે જે દુનિયાના ટોચના પાંચ સિંચાઈ નેટવર્કમાંનું એક છે. આટલી અનુભવી અને કુશળ ટીમ ધ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનું નેતૃત્વ કરશે.

ગુજરાત સરકારના મુખ્ય સચિવની અધ્યક્ષતામાં, અન્ય વરિષ્ઠ સચિવોની બનેલી એક ઉચ્ચ કાર્યકારી સમિતિ પરિયોજના સંબંધિત નિર્ણયો અને વિવિધ કાર્યકારી મુદ્દાઓ પર કાર્યરત રહેશે.



# આકાશને આંબતા સ્વપ્નો, સોનેરી ભવિષ્ય તરફ મંડાતા ડગ

ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદારના નૈસર્ગિક અને ઐતિહાસિક સ્વરૂપને યોગ્ય રીતે મૂર્તિમંત કરશે, જેમાં સરદાર તેમની ઓળખ સમાન સાદગીપૂર્ણ પોષાકમાં, ચાલવાની મુદ્રામાં જોવા મળશે.

પ્રતિમા પર લાગેલું કાંસ્ય આવરણ તેને એક અનન્ય શોભા પ્રદાન કરશે.

મુલાકાતીઓને અદભૂત અનુભવ આપવા માટે દુનિયાની સૌથી ઝડપી એલિવેટર્સ

પ્રતિમાના ત્રણ સાર્વજનિક સ્તર રહેશે - પ્રદર્શન સ્થળ, મેઝેનાઈન અને છત – અહીં મુલાકાતીઓના આકર્ષણ માટે એક સ્મારક ઉદ્યાન અને એક વિશાળ નિરંતર પ્રદર્શન હોલ બનશે, જે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને ઉપલબ્ધિઓ પર કેન્દ્રિત રહેશે.

૫૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત અવલોકન સ્થળ એક સમયે ૨૦૦ લોકોનો સમાવેશ કરી શકે છે. આ અવલોકન સ્થળેથી મુલાકાતીઓ મનોરમ સાતપુડા તેમજ વિંધ્યાચલ પર્વતમાળા, ૨૫૬ કિલોમીટર લાંબા સરદાર સરોવર અને ૧૨ કિમી લાંબા ગરુડેશ્વર જળાશયને નિહાળી શકાશે.

નૌકા દ્વારા લગભગ ૩ કિમીની સવારીથી લોકો પ્રતિમાના પ્રવેશ સ્થળે આવી શકે છે.

અહીંની ગેલેરીમાંથી દુનિયાનો સૌથી વિશાળ સિંચાઈ બંધ, નદી અને પર્વતમાળા તેમ જ અરબી સમુદ્રનું મનોરમ દ્રશ્ય નિહાળી શકાય છે.

એક અત્યાધુનિક અંડરવોટર એક્વેરિયમ

એક વિશાળ આધુનિક કેનોપીવાળું પબ્લિક પ્લાઝા, જે નદી અને પ્રતિમાની નજીક રહેશે, અહીં શાનદાર ભોજન સ્ટોલ, અલંકૃત ઉપહારોની દુકાનો, અન્ય દુકાનો તેમ જ મુલાકાતીઓ માટે અન્ય સુવિધાઓ રહેશે.



# ગ્રામીણ અને આદિવાસી વિકાસના નવા આયામો

પરિયોજના સ્થળ આધુનિક સુવિધાઓથી વિકસિત કરવામાં આવશે, જેનાથી સ્થાનિક લોકોને ઉત્તમ જીવનધોરણ પ્રાપ્ત થશે.

પરિયોજના સ્થળ આધુનિક પરિવહન સુવિધાઓ જેવી કે એક્સપ્રેસ વે, રેલવે પ્રણાલી અને હેલિપેડ સાથે તેને જોડવામાં આવશે.

વૈજ્ઞાનિક ક્ષેત્ર આયોજનથી સ્વચ્છ ઉદ્યોગોને પરિયોજના સ્થળની આસપાસ વિકસિત કરવામાં આવશે.

બાયો ટેક્નોલોજી, સ્વચ્છ ઊર્જા અને એથનિક ક્રાફ્ટ જેવાં ક્ષેત્રોમાં સંશોધન સુવિધાઓ જેવી પહેલ દ્વારા અહીંના લોકોને રોજગારીની ઉત્તમ તકો પ્રાપ્ત થશે.

આ પ્રદેશમાં આર્થિક પ્રવૃતિઓને સમર્થન આપવા માટે કૃષિ, પશુપાલન, મત્સ્યપાલન વગેરે ક્ષેત્રો માટે શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ તેમ જ શિક્ષણ અને કૌશલ્ય વિકાસના પ્રયાસ કરવામાં આવશે.

માઈસ - મીટિંગ્સ, ઈન્સેન્ટિવ્ઝ, કોન્ફરન્સીઝ અને એક્ઝિબિશન્સ – સમર્થન માટે પ્રવાસન સુવિધાઓનો વિકાસ, જેનાથી સ્થાનિક આદિવાસી વસતી માટે રોજગારીની બહોળી તકો સર્જાશે.

